આજે રેલ બજેટમાં ગાંધીનગરને મોટી આશા

રેલવે બજેટ : કેપીટલ સ્ટેશનને ન્યાય મળે તેવી પ્રબળ આશા : રાજધાની ટુ રાજધાની એક્સપ્રેસ ટ્રેઈન ફાળવવામાં આવે તેવી શકયતા : કેપીટલ સ્ટેશનના પોકેટમાં નવી ટ્રેઈનો આવશે તેવી નાગરિકોમાં આતુરતા

ગાંધીનગર, તા.૨૫

આજે રજૂ થનારા રેલવે બજેટમાં વર્ષોના અંતે ગાંધીનગર રેલવે સ્ટેશનને ન્યાય મળે તેવી પ્રબળ આશા સેવાઈ રહી છે. અત્યાર સુધી કેપીટલ સ્ટેશનને રેલ બજેટમાં અન્યાય થતો હોવાના સૂર સાથે આમ નાગરિકોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. ત્યારે વખતોવખતની રજૂઆત ઉપરાંત મુખ્યમંત્રી કક્ષાએથી પણ રેલવે સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવા દરખાસ્ત થઈ હોવાથી અન્ય રાજયોની જેમ કેપીટલને પણ રાજધાની ટુ રાજધાની ટ્રેઈનની ગીફટ મળે તેવી સંભાવના છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસ માટે રજૂઆતો કરીને સ્થાનિક સંસ્થાઓ થાકી ગઈ છે. દાયકાઓના અંતે કેપીટલ સ્ટેશનના વિકાસ પાછળ કરોડો ખર્ચાયા બાદ હાલની સ્થિતિએ રોજ ચાર ટ્રેઈનોની અવર જવર થાય છે. જો કે કેપીટલ સ્ટેશનને છાજે તેવી યાત્રિકો લક્ષી સુવિધાઓ ઉપરાંત ટ્રેઈન સેવાનો પણ ભારોભાર અભાવ વર્તાય છે. પાટણ, આબુ મેમુ, ડેમુ ઉપરાંત વાયા કલોલ થઈને દોડતી ટ્રેઈનો ઉપરાંત અન્ય ટ્રેઈનો ગાંધીનગરને ફાળવવા પણ રેલ મંત્રાલયને વારંવાર રજૂઆત કરવામાં આવે છે. આ ઉપરાંત કોલવડા, મોટી આદરજના બંધ સ્ટેશનને શરુ કરવા પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર રેલવે સ્ટેશનને વર્ષોથી રેલ બજેટમાં અન્યાય થતો આવે છે. દર વર્ષે રેલ બજેટના અંતે કેપીટલ સ્ટેશનને ઠેંગો દેખાડી દેતા નગરના અગ્રણીઓ સહીત ટ્રેઈન સેવાને અસરકારક બનાવવા આશાવાદી બનેલા પ્રબુધ્ધ નાગિકોના મોં વંકાય છે. જયારે કેન્દ્રમાં મોદી સરકાર સ્થાપીત થયા બાદ કેપીટલ સ્ટેશનના વિકાસ માટે નવો આશાવાદ જાગ્યો હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે ૨૬ ફેબ્રુઆરીના રેલવે બજેટમાં ગાંધીનગરને નવી ટ્રેઈનોની ગીફટ મળે તેવી પ્રબળ શકયતા છે. અગાઉ પણ રેલવેના અધિકારીઓ દ્વારા સ્ટેશનની સ્થળ સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો છે.જયારે અન્ય રાજયોની જેમ રાજધાની ટુ રાજધાની ટ્રેઈન પણ કેપીટલ સ્ટેશનના પોકેટમાં આવે તેમ મનાઈ રહ્યું છે.

દિવસ દરમ્યાન ઠંડો પવન ફુંકાતા મહત્તમ તાપમાન ઘટ્યુ

ગાંધીનગર, તા. ૨૫

હજુ ઉનાળો બરોબર બેઠો નથી. ક્યારેક તીવ્ર ગરમી અનુભવાય છે તો ક્યારેક ઠંડકનો અનુભવ થાય છે. બે દિવસ અગાઉ તીવ્ર ગરમીનો અનુભવ થયા બાદ ઠંડો પવન ફુંકાતા મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે.

છેલ્લા બે દિવસથી જોરદાર પવન ફુંકાય છે. રાત્રે પવનનું જોર વધુ રહે છે. આજે તો દિવસે પણ ઠંડો પવન ફુંકાતો રહ્યો હતો. પવનની ગતિ તીવ્ર રહી હતી. ઠંડા પવનના કારણે ઘરની બહાર નીકળતા કંઈક ઓઢવુ પડે તેવુ લાગતુ હતુ. બે દિવસ પહેલા તીવ્ર ગરમીનો અનુભવ થતો હતો. તેના સ્થાને આજે ઠંડક અનુભવાતી હતી. સાંજે તો પંખા પણ બંધ કરી દો તો પણ ચાલે એવુ લાગતુ હતુ. આજે ઠંડા પવનના કારણે મહત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૮.૫ ડિ.સે. રહ્યું હતું.

સેક્ટર-૧૪માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૫

રાજરાજેશ્વરી મા બહુચરનો આનંદનો ગરબો સેક્ટર-૧૪ અંબાજી મંદિર ફાગણ સુદ આઠમ તા. ૨૬મીએ ગુરૂવારે સવારે ૧૧.૦૦ કલાકે શક્તિમંડળ તરફથી યોજાશે.

નાગરિક સંરક્ષણ દળની માસિક બેઠક

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નાગરિક સંરક્ષણ એકમ (સીવીલ ડીફેન્સ)ની માસિક બેઠક આગામી તા. ૨૭ ફેબ્રુારી શુક્રવાર સાંજે ૫.૦૦ વાગે ડૉ. જીવરાજ મહેતા ભવન બ્લોક નં. ૨ ખાતે યોજાશે. બેઠકમાં તમામ વોર્ડનશ્રીઓ તેમજ અધિકારીઓએ સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જલારામધામ ખાતે સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

શ્રી જલારામ સેવા સમાજ તથા સેક્ટર-૨૯ના આયુર્વેદ દવાખાનાના સંયુક્ત ઉપક્રમે શ્રી જલારામધામ સેક્ટર-૨૯ ખાતે ૨૭મી ફેબ્રુઆરી સુધી સવારે ૯.૦૦ વાગેથી સ્વાઈન ફલુના ઉકાળાનું વિતરણ નિઃશુલ્ક કરવામાં આવશે. ઉકાળો ઉપલબ્ધ હશે ત્યાં સુધી સ્વાઈન ફલુના ઉકાળાનું ફી વિતરણ કરવામાં આવશે. જેના નાગરિકોને લાભ લેવા વિનંતી છે.

રવિવારે ગઝલ ગાયકીનો કાર્યક્રમ સૂરસમાધિ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના અસ્મિતા ફાઉન્ડેશન દ્વારા તા. ૧લી માર્ચ રવિવારે રાત્રે ૮ વાગે ગઝલ ગાયકીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૨ ઉમાં કડી કેમ્પસ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાશે. જેમાં ગઝલ ગાયકી ક્ષેત્રે પ્રખ્યાત કલાકારો ઉસ્તાદ અહેમદ હુસેન અને ઉસ્તાદ મહમ્મદ હુસેન ગઝલો પ્રસ્તુત કરશે. આ સૂરીલા સંગીત અને અદભૂત ગઝલ ગાયકીના કાર્યક્રમમાં ગાંધીનગરના શ્રોતાઓને પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રસ ધરાવતા શ્રોતાઓએ કાર્યક્રમના પ્રવેશ પાસ સે-૮માં ગાંધીનગર સમાચારની ઓફિસેથી મેળવી લેવા જણાવાયું છે.

ગાયત્રી પરિવાર દ્વારા શુભેચ્છા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાયત્રી પરિવાર દ્વારા ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને વૈદિક મંત્રોચ્ચારથી આશીર્વચન આપી પ્રોત્સાહિત કરવા માટેનો શુભેચ્છા પાઠવતો કાર્યક્રમ તા. ૨જી માર્ચે સોમવારે પ્લોટ નં. ૨૦૧/૨ સેક્ટર-૧૪ શ્રી ગીરીશભાઈ પંડ્યાના નિવાસસ્થાને સાંજે ૪.૦૦ વાગે યોજાશે.

નિવૃત્ત કાર્યપાલક ઈજનેર જે.જે. પટેલનું હૃદયરોગના હૂમલામાં અવસાન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના અગ્રણી અને નિવૃત્ત કાર્યપાલક ઈજનેર શ્રી જે.જે. પટેલનું બુધવારના રોજ હૃયરોગના હુમલામાં અવસાન થયું છે. ખુબ જ સાલસ સ્વભાવના શ્રી જે.જે. પટેલ તેમના નોકરીના કાર્યકાળ દરમ્યાન સાથી કર્મચારીઓ અને અધિકારીઓમાં ખુબ જ લોકપ્રિય હતા. સદ્‌ગતની અંતિમ યાત્રામાં પરિવારજનો તથા બહોળો મિત્ર પરિવાર જોડાયો હતો.

વેદિક એસ્ટ્રો વિદ્યામંદિર ગાંધીનગરનો પદવીદાન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ધ વેદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન, ગાંધીનગર સંચાલિત ધ વૈદિક એસ્ટ્રો વિદ્યામંદિર, ગાંધીનગરનો પદવીદાન સમારોહ તાજેતરમાં બાલાજી મંદિર હોલ, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થા દ્વારા એસ્ટ્રોલોજીના પ્રચાર-પ્રસાર અર્થે વેબ સાઈડ પણ લોન્ચ કરવામાં આવી હતી. ૩૮ વિદ્યાર્થીઓને જ્યોતિષની પદવી એનાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પંચદેવ મંદિર, ગાંધીનગરના પૂજ્ય શ્રી ફૂલશંકર શાસ્ત્રીજી, જાણીતા જ્યોતિષો સર્વશ્રી બલવંતરાય મહેતા, અંબાલાલ પટેલ, મયુરભાઈ ભટ્ટ, રમણભાઈ પંચાલ, હેમંતભાઈ શાહ, મોહનભાઈ પરમાર, વિપુલભાઈ બક્ષી અને અન્ય મહાનુભાવો સર્વશ્રી સરસ્વતી સ્કૂલ, સેક્ટર-૬ના ટ્રસ્ટી સુરેશભાઈ પટેલ, ડી.કે. વૈષ્ણવ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા જ્યોતિષ શાસ્ત્ર વિશેની અવનવી અને રસપ્રદ વાતો અને પોતાના અનુભવો કહ્યા હતા.

મહાનુભાવોના હસ્તે જ્યોતિષીની પદવી એનાયત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા તેમજ આ ક્ષેત્રે તેમની સુવર્ણ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી. આ પદવીદાન સમારંભને સફળ બનાવવા માટે જ્યોતિષ વર્ગ સંચાલક અને પ્રમુખ શ્રીમતી વીણાબેન વિષ્ણુકુમાર વૈષ્ણવ, અધ્યાપક તથા મંત્રી વિષ્ણુકુમાર વૈષ્ણવ, અધ્યાપિકા અને ટ્રસ્ટી કુ. દિપાલીબેન રજનીકાન્ત જોષીએ ભારે જહેમત ઉઠાવી હતી.

વહેલી સવારે ડમ્પર-સેન્ટ્રો વચ્ચે ગમખ્વાર અકસ્માત

જી.ઈ.બી. નજીક ફાટકથી પ્રેસ સર્કલ વચ્ચે બનેલી ઘટના : કોઈ જાનહાની નહી

ગાંધીનગર શહેરના ઘ-માર્ગ પર બેફામ ગતિએ ધસી આવેલા ડમ્પરે જીઈબી નજીક ફાટકથી પ્રેસ સર્કલ વચ્ચે એક સેન્ટ્રો કાર નં. જીજે-૧૮-બી.સી.૭૧૮૯ ને જબરદસ્ત ટક્કર મારતા સેન્ટ્રોના ફુરચા ઉડી ગયા હતા. આ અકસ્માતમાં સદ્‌ભાગ્યે કોઈને ગંભીર ઈજાઓ કે જાનહાની થવા પામી ન હતી. જો કે અકસ્માતમાં બચી ગયેલા સેન્ટ્રો કારના ચાલકે બેફામ આવેલા ડમ્પર ચાલકને ખુબ ઠપકો આપી તેની સામે પોલીસ ફરીયાદ પણ કરી હતી.

અંબાપુરથી મૃત હાલતમાં મળેલા વૃદ્ધની હત્યા થઈ હોવાનું ખુલ્યુ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીકના અંબાપુર કેનાલ પાસેની ઝાડીઓમાંથી ગઈકાલે બપોરના સુમારે ડીકમ્પોઝ થઈ ગયેલી હાલતમાં એક વૃદ્ધની લાશ મળી આવી હતી. તેના ગળાના ભાગે તિક્ષ્ણ હથિયારથી ઘા માર્યાના ત્રણ નિશાન મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ચાર દિવસથી લાપતા થયેલા આ વૃદ્ધ ઘરે એકલા જ રહેતા હતા. અડાલજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી મૃતકના અન્ય બે ભાઈઓના નિવેદનો લઈ હત્યારા સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

અંબાપુર કેનાલ પાસેની ઝાડીઓમાંથી ગઈકાલે બપોરના સુમારે મળી આવેલા એક વૃદ્ધના મૃતદેહ અંગે અડાલજ પોલીસે તપાસ કરતાં અમદાવાદના સાબરમતી વિસ્તારના ૬૦ વર્ષીય લક્ષ્મીચંદ બાબુલાલ સોનીનો મૃતદેહ હોવાનુ ખુલ્યુ હતુ. લક્ષ્મીચંદના લગ્ન બાદ છુટેછેડા થઈ ગયા હતા અને કોઈ સંતાન પણ નથી. ગરે તો એકલા જ રહેતા હતા જ્યારે અન્ય બે ભાઈઓ નજીકના મકાનમાં રહેતા હતા. છેલ્લે ૨૧ તારીખે તેમના ભાઈઓએ લક્ષ્મીચંદને જોયા હતા. ત્યારથી લાપતા લક્ષ્મીચંદની ઝાડીઓમાં લાશ કેવી રીતે પહોંચી તે એક રહસ્ય છે.

મૃતકના ગળે તિક્ષ્ણ હથિયારના ત્રણ ઘા વાગ્યાના નિશાન છે. જેને પગલે અડાલજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી હત્યારા સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા છે. જો કે હજુ સુધી પોલીસને હત્યારા સુધી પહોંચવાની કોઈ ઉંડી કડી મળી આવી નથી.

આલમપુરના યુવાને ઉદ્યોગ ભવનનાં દસમા માળેથી ઝંપલાવ્યુ

પોતાનો ચહેરો ગમતો ન હોવાથી આપઘાત કરતો હોવાનો ચિઠ્ઠીમાં ઉલ્લેખ : યુવાન બચી ગયો પરંતુ પગ તુટી ગયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૧ ખાતે સ્થિત ઉદ્યોગભવનના ૧૦માં માળેથી બપોરના સુમારે ચિલોડા નજીક આવેલા આલમપુર ગામના યુવાને પડતુ મુકીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. સદ્‌ભાગ્યે યુવાન બચી ગયો હતો પરંતુ તેના પગ તુટી ગયા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સે તેને તાત્કાલિક તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે પહોંચાડ્યો હતો. યુવાન પાસેથી મળેલી ચિઠ્ઠીમાં ઉલ્લેખ હતો કે પોતાનો ચહેરો પસંદ ન હોવાથી આ પગલુ ભરે છે. યુવાનને વધુ સારવાર માટે સાંજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના ચિલોડા નજીક સ્થિત આલમપુર ગામમાં રહેતો અને આઈ.ટી.આઈ. ખાતે અભ્યાસ કરતો ૨૪ વર્ષિય યુવાન અજય બળદેવભાઈ પટેલ આજે બપોરે ત્રણેક વાગ્યાના સુમારે ઉદ્યોગભવન આવ્યો હતો અને ૧૦મા માળે જઈને તેણે નીચે ઝંપલાવ્યુ હતુ. જમીન પર પટકાયેલા અજયનો લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી સાંજે વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સદ્‌નસીબે યુવાન સલામત છે પરંતુ પગ તુટી ગયા છે. તેની પાસેથી એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં લખ્યુ હતુ કે પોતાનો ચહેરો પસંદ ન હોવાથી તે આપઘાત કરે છે. સે. ૭ પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ શરૂ કરી છે.



વસંતોત્સવનો દબદબાભેર પ્રારંભ

અનેક કલાકારો સ્વાઈન ફ્લુથી બચવા માસ્ક પહેરેલા જોવા મળ્યા : ગાંધીનગરના પનઘટ ગ્રૂપ દ્વારા પ્રાચીન ગરબો રજૂ કરાયો : પશ્ચિમ બંગાળના રાઈ બેંશે નૃત્યમાં દિલધડક કરતબ જોઈ પ્રેક્ષકો આફરીન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં સાબરમતી નદીના કુદરતી ઢોળાવોમાં વિકસાવાયેલા સંસ્કૃતિ કુંજ ખાતે 'વસંતોત્સવ-૨૦૧૫'નો આજે દબદબાભેર પ્રારંભ કરાયો હતો. વસંતોત્સવનું ઉદ્‌ઘાટન રાજયના રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણીએ દીપ પ્રગટાવી કર્યુ હતુ. તેમની સાથે ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તથા રમતગમત યુવા સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશ જ્હા જોડાયા હતા. દેશના વિવિધ ભાગમાંથી આવેલા કલાકારો સાવચેતીના ભાગરૂપે સ્વાઈન ફ્લુથી બચવા માસ્ક પહેરીને ફરતા દેખાયા હતા.

વસંતઋતુના આગમને ભારતીય સંસ્કૃતિના લોકનૃત્યોને પ્રસ્તુત કરતો આ ઉત્સવ તા. ૬ માર્ચ સુધી ચાલશે. આ ઉત્સવ દરમ્યાન વિવિધ હસ્તકલાની ચીજવસ્તુઓનું પ્રદર્શન તેમજ વેચાણ માટે હસ્તકલા હાટ પણ યોજવામાં આવે છે. સમગ્ર ઉત્સવ દરમ્યાન બપોરે ૨ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા દરમ્યાન હસ્તકલા હાટ યોજાય છે. જ્યારે લોકનૃત્યોનો કાર્યક્રમ દરરોજ સાંજના ૭.૦૦ થી ૯.૦૦ કલાક દરમ્યાન યોજાશે.

આજે વસંતોત્સવના પહેલા દિવસે લોકનૃત્ય મહોત્સવમાં આસામનું બારડોઈ શિકલા, નાગાલેન્ડનું મુગિયાંનો, મહારાષ્ટ્રનું લાવણી, પશ્ચિમ બંગાળનું રાય બેંશે, તેલંગાણાનું ઘાટ્યુ નૃત્ય, હરિયાણાનું ઘુમર, રાજસ્થાનનું કાલબેલીયા, ઉત્તરાખંડનું હાસલ, ગોવાનું ઘોડે મોદની પ્રસ્તુત કરાયા હતા. આ ઉપરાંત ગુજરાતના લોકનૃત્યોમાં ગાંધીનગરના ગ્રૂપ દ્વારા પ્રાચીન ગરબો અને દાહોદનુ તલવાર નૃત્ય રજુ કરાયું હતું. વસંતોત્સવનો પહેલો દિવસ હોવાથી મુલાકાતીઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હતી પરંતુ તેમાંથી સાંસ્કૃતિક કાર્યક્રમ જોવા મોટા ભાગના પ્રેક્ષકો ગોઠવાઈ ગયા હતા. જો કે આજે હસ્તકલા હાટમાં ઘણા બધા સ્ટોલ્સ સ્ટોલ ધારકોએ ઓછા મુલાકાતીઓના કારણે ચાલુ જ નહોતા કર્યા.

બ્રહ્માકુમારીઝ દ્વારા ત્રિવેણી મહોત્સવનું ભવ્ય આયોજન

ગાંધીનગર સેવા કેન્દ્રનો ઉપમો વાર્ષિકોત્સવ, મુખ્ય વડા રાજયોગીની સરલાદીદીજીનો અમૃત મોત્સવ અને રાજયોગી તપસ્વીમૂર્ત ૧૩૦ આત્માઓનો સન્માન સમારોહ ૧લી માર્ચે યોજાશે

ગાંધીનગર, તા.૨૫

બ્રહ્માકુમારીઝ દ્વારા રાજયનાં પાટનગર ગાંધીનગર ખાતે ૧લી માર્ચના રોજ ત્રિવેણી મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્માકુમારીઝનાં ગાંધીનગર સેવા કેન્દ્રનો ઉપ મો વાર્ષિકોત્સવ, બ્રહ્માકુમારીઝ ગુજરાતના મુખ્ય વડા રાજયોગિની સરલાદીદીજીનો અમૃત મહોત્સવ અને રાજયોગ તપસ્વીમૂર્ત ૧૩૦ આત્માઓનો ભવ્ય સન્માન સમારોહ ગાંધીનગર સે-૨૮માં સ્થિત સેવા કેન્દ્ર ખાતે યોજાશે.

આજથી ૩૫ વર્ષ પૂર્વે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આધ્યાત્મિકતાનું બીજ અંકુરિત કરનાર બ્રહ્માકુમારીઝ વર્તમાન સમયે વિશાળ વટવૃક્ષ બનીને ચિલોડા, ઉર્જાનગર-૧, સેકટર-૨ અને રૂપાલ ખાતેના સેવા કેન્દ્રો તથા જિલ્લાના ૫૦ જેટલા ગામો ખાતે રાજયોગ ગીતા પાઠશાળા સ્વરૂપે ઈશ્વરીય જ્ઞાનનો સંદેશ આપવાનું નિઃસ્વાર્થ હોવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક કરી રહ્યું છે. જેના ઉપલક્ષમાં ઉપમાં વાર્ષિકોત્સવનું ભવ્ય આયોજન બ્રહ્માકુમારીઝ દ્વારા કરવામાં આવ્યું છે.તે ઉપરાંત ગુજરાતને ૩૫૦ ઈશ્વરીય સેવા કેન્દ્રની અણમોલ ભેટ ધરી સફળ વહીવટ કરનાર બ્રહ્માકુમારીઝ ગુજરાતના મુખ્ય વડા રાજયગિની સરલાદીદીજીના જીવનયાત્રાનાં ૭૫ વર્ષ થતાં તેમનો અમૃત મહોત્સવ પણ મનાવવામાં આવશે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૬.૪૩

તાપમાન

મહત્તમ : ૨૯.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બદલાપુર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

રોય : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

આપની આજ

મેષ : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

વૃષભ : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

મિથુન : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

કર્ક : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્ત્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

સિંહ : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પામિનો યોગ.

કન્યા : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

તુલા : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

ધન : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

મકર : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

કુંભ : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

મીન : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

ચિરવિદાય

- સ્વ. ચંદ્રસિંહ લક્ષ્મણસિંહ ડાભી (ઉ.વ.૪૪) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. અશ્વિનીકુમાર રામઅવધ કુશવાહા (ઉ.વ.૨૮) ૪૮, રામેશ્વર સોસાયટી, કડી કલોલ રોડ, જી. મહેસાણા.
- સ્વ. લાભુબેન વલ્લભભાઈ ઝાલાવાડીયા (ઉ.વ.૬૫) સી/૪૦૨, સુકન સ્કાય, કુડાસણ, તા.જી. ગાંધીનગર